જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૯/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૦૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૩૦ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૧ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૫૯ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૧૨,૦૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૦૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં. ૧૩૦૮/૨૦૨૫**

ખાડીયાઃ સિતાબહેન વા/ઓ જીતેન્દ્રભાઇ દેસાઇ (ઉ.વ.૫૯)(રહે. નારાયણ બંગલો વિશ્વકર્મા મંદિરની બાજુમા મોટેરા) એ તા.૧૬/૦૯/૨૦૨૫ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૯/૨૦૨૫ સાંજના ૪/૧૫ વાગ્યાના સુમારે ઢાલગરવાડ ચાર રસ્તાથી માણેકચોક તરફ જવાના રસ્તા ઉપર આવેલ આકાશ નામની દુકાન આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણી વ્યક્તિએ સિતાબહેનની નજર ચુકવી તેમના થેલામાંથી રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.પી.ચૌહાણ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં. ૧૩૦૯/૨૦૨૫**

ઘાટલોડીયાઃ નારણપુરા ખોડીયારનગર ઘર્માત્યાના છાપરાં બાબરભાઈની ચાલી ખાતે રહેતા હિરાલાલ ચંદ્રીકાપ્રસાદ ચૌહાણના પિતા ચંદ્રીકાપ્રસાદ રામદુલારે ચૌહાણ (ઉ.વ.૫૦) (મુળ વતન. ગામ–મહારાજપુર તા.ગૌરીગંજ જી.અમેઠી યુ.પી.) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૯/૨૦૨૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના પુત્રના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સોલા સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૯/૨૦૨૫ બપોરના ૩/૨૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશભાઇ માવજીભાઇ ચલાવે છે.

રીવરફ્રન્ટ વેસ્ટઃ જયેશભાઇ સ/ઓ અનીલભાઈ વાઘેલા (ઉ.વ.૨૪)(રહે. હરીજન વાસ, લાંભા ગામ, લાંભા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૯/૨૦૨૫ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે જમાલપુર સરદારબ્રીજ નીચે નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ મનહરસિંહ ચલાવે છે.

આનંદનગરઃ આનંદનગર રામદેવનગર રોડ વિશાલ રેસીડેન્સી ખાતે મનીષ સિંઘ નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૧૬/૦૯/૨૦૨૫ સવારના ૧૦/૩૦ થી બપોરના ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને સેલ્બી હોસ્પીટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મનિષભાઇ મહેશભાઇ ચલાવે છે.

વટવા જીઆઇડીસીઃ સતીશભાઇ વલ્લભભાઇ તલાટી (ઉ.વ.૫૯)(રહે. સાલીન હાઇટસ-૦૩, હાથીજણ સર્કલ પાસે, વિંઝોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૯/૨૦૨૫ સવારના ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર અર્થે તેમને મણીનગર કાંકરીયા ગેટ નંબર-૦૪ સામે ઘબકાર સુપર સ્પેશિયાલીસ્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૭/૪૩ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હેમંતકુમાર ત્રિકમલાલ ચલાવે છે.

નારોલઃ નારોલ આશિયાના પાર્ક ખાતે "સ્ક્રીન પ્રિન્ટિંગ" નામની દુકાનની ઉપરના રૂમમાં રહેતા જીતેશકુમાર જગદીશનારાયણ સક્સેના (ઉ.વ.૩૪)(મુળ વતન. નારાયન ઘર નંબર-૧૪, વધા કટરા-૧, ઔરૈયા ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૯/૨૦૨૫ સાંજના ૪/૦૦ વાગ્યા પહેલા રહેણાંક ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશકુમાર દિનેશભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી